# ગણપત યુનિવર્સિટીની ડિપ્લોમા એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓએ ઈલેક્ટ્રોપાવર હાઈબ્રિડ બાઈક વિકસાવ્યું

**એકવારના ચાર્જિંગ પછી ૭૦ થી ૮૦ કિ.મી. ચાલી શકશે અને એ પણ ૭૦ કિ.મી.ની ઝડપે : પ્રતિ કિ.મી. માત્ર ૧૦ પૈસા જ કોસ્ટ આવશે**

ગણપત યુનિવર્સિટી, તા. ૧૭

ગણપત યુનિવર્સિટીની અંગભૂત એવી. બી.એસ.પટેલ પોલિટેકનિક-ડિપ્લોમાં કોલેજના વિદ્યાર્થીઓએ પેટ્રોલ અને ઈલેક્ટ્રિસિટીથી ચાલતી એડવાન્સ્ડ ટેક્નોલોજીવાળી બાઈક બનાવીને ઓટોમોબાઈલના ક્ષેત્રે એક વિશિષ્ઠ સિદ્ધિ હાંસલ કરી છે.



આ હાઈબ્રિડ મોટરસાઈકલની વિશેષતા એ છે કે એકવાર ચાર્જ કર્યા પછી એ ૭૦ થી ૮૦ કિ.મી. ચાલે છે અને મહત્તમ સ્પિડ પણ ૭૦ કિ.મી. જેટલી આપી શકે છે, જે અન્ય સામાન્ય ઈલેક્ટ્રીક કારમાં માત્ર ૪૦ કિ.મી. જેવી હોય છે. અને એકવાર બેટરી ચાર્જ કર્યા પછી પણ બાઈક ચાલીસ કિ.મી. જેટલું જ ચાલી શકતી હોય છે.

ઉપરાંત બેટરીના નિર્માણમાં લિથિયમ ફોસ્ફેટનો ઉપયોગ થયો હોવાથી બાઈકની એક કિ.મી. ચલાવવાની કોસ્ટ (ખર્ચ) માત્ર ૧૦ પૈસા જેટલી નિચી આવે છે. બેટરી ચાર્જિંગમાં ત્રણ કલાક જેવો સમય લાગે છે અને માત્ર બે જ યુનિટ વીજળીનો એમાં વપરાશ થાય છે. આવું હાઈબ્રિડ બાઈક, જે પેટ્રોલ અને બેટરી ઈલેક્ટ્રિસિટી બન્નેનો ઈંધણ તરીકે ઉપયોગ કરી ચલાવી શકાય તેનો ખર્ચ રૂ. ૭૫ થી ૮૦ હજાર આવે છે પરંતુ જો મોટી સંખ્યામાં તેનું વ્યાપારી ધોરણે ઉત્પાદન હાથ ધરવામાં આવે તો બાઈક બનાવવાનો ખર્ચ એકમ દીઠ ઘણો ઓછો થઈ શકે.

ગણપત યુનિવર્સિટીની ડિપ્લોમાં કોલેજ-બી.એસ. પટેલ પોલિટેકનિકના પ્રો. નિરવ બાઈસના માર્ગદર્શન હેઠળ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ ભાઈ વિવેક પંચાલ, વૈભવ રાજાઈ, કરણ રાજપૂરા, અનિકેત પટેલ, નમ્ર પટેલે સહિયારા અભ્યાસ-સંશોધન દ્વારા આ ઈલેક્ટ્રોપાવર હાઈબ્રિડ બાઈક વિકસાવ્યું છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિને ડિપ્લોમાં કોર્સિસના ડીન અને બી.એસ. પોલિટેકનિકના પ્રિન્સિપાલ કે.પી. પટેલ, ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શર્માએ વિદ્યાર્થીઓને ખૂબ ધન્યવાદ પાઠવી શુભેચ્છાઓ પાઠવી હતી. હવે પછીના સમયમાં યોજાનારી ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ ક્ષેત્રની આંતર યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં આ હાઈબ્રિડ બાઈકને હજુ વધુ સારા, ઈંધણક્ષમ મોડેલ તરીકે વિકસાવી રજૂ કરી શકાય તે માટેના વિદ્યાર્થીઓના અને પ્રાધ્યાપકોના અભ્યાસ-સંશોધનો ચાલુ છે.

## અમદાવાદના યુવકનું અપહરણ કર્યા બાદ હત્યા ચારની ધરપકડ થઈ

અમદાવાદ, તા.૧૭

શહેરના સેટેલાઈટ વિસ્તારમાંથી મોડી રાત્રે યુવકનું અપહરણ કરી તેની હત્યા કર્યા બાદ લાશને ઈસનપુર બ્રીજ નીચે ફેંકાઈ દેવાઈ હતી. આ બનાવને પગલે ભારે ચકચાર મચી ગઈ હતી. જો કે, સેટેલાઈટ પોલીસે ગણતરીના કલાકોમાં યુવકની હત્યાના પ્રકરણમાં સંડોવાયેલા ચારેય આરોપીઓને ધરપકડ કરી તેમની વિરૂધ્ધ મર્ડરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, આજે સવારે કાળુભાઈ ધોબી(રહેવાસી કાંકરોલી, રાજસ્થાન) નામના યુવકનો મૃતદેહ ઈસનપુરબ્રિજ નીચે પડયો હોવાની માહિતી પોલીસને મળી હતી, જેથી પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી સમગ્ર પ્રકરણમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે, મૃતક કાળુભાઈને કામ કરવા બાબતે ગઈકાલે બપોરે કોઈ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ રાત્રે આરોપીઓએ કાળુભાઈનું અપહરણ કરી માર માર્યો હતો અને તેની હત્યા કર્યા બાદ તેની લાશ ઈસનપુર બ્રિજ નીચે ફેંકી દીધી હતી.

### ખંભીસર વરઘોડા ઘર્ષણ મામલે

# વરરાજાના પિતાની ૪૫ સાથે અન્ય દોઢસોના ટોળા સામે ફરિયાદ

મોડાસા, તા. ૧૭

ખંભીસર વરઘોડામાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને પીએસઆઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવવાની જીદ છોડતા આખરે મોડાસા રૂરલ પોલીસસ્ટેશનમાં ખંભીસરમાં વરઘોડામાં વિઘ્ન સર્જનાર ટોળા સામે મોડાસા રૂરલ પોલીસે ફરિયાદ નોંધી હોવાની ચર્ચા ટોક ઓફ ધી જિલ્લો બની હતી.

મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં આઝાદીના આટલા વર્ષો પછી પણ એક પણ અનુસૂચિત જાતિના વ્યકિતનો ઘોડા ઉપર વરઘોડો નીકળ્યો નથી ત્યારે ગામના ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડના પુત્ર જયેશના રવિવારે લગ્ન હોવાથી પોલીસ રક્ષણ સાથે ગામમાં ડીજે સાથે વરઘોડો નીકળ્યો હતો. જાહેરમાર્ગ પર ગામની મહિલાઓએ ભજન-કીર્તન કરી વરઘોડાને અટકાવતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે હોવા છતાં જાહેરમાર્ગ પરથી મહિલાઓને હટાવવામાં નિષ્ફળ રહેતા બંને જૂથ સામસામે આવી ગયા હતા અને ત્યારબાદ બંને જૂથ વચ્ચે ઘર્ષણ સર્જાવાની સાથે પથ્થરમારામાં બંને જૂથના કેટલાક લોકો અને પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા સમગ્ર ઘટનાના ૫ દિવસ પછી ૪૫ લોકોના નામજોગ સહીત ૧૫૦ માણસોના ટોળા સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં વરરાજાના પિતા ડાહ્યા ભાઈ રાઠોડે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



આ ઘટનામાં મહિલા ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ ચાવડા અનુ.જાતિ સમાજના લોકો સાથે અભદ્ર શબ્દ પ્રયોગ કરતા અને પોલીસતંત્રની નિષ્ફળતાના આક્ષેપ સાથે ડાહ્યાભાઈ રાઠોડ અને અનુ.જાતિ સમાજના અગ્રણીઓ અને યુવકોએ બંને મહિલા અધિકારીઓ સામે ગુન્હો નોંધવાની માંગ સાથે રાજ્ય પોલીસવડા શિવાનંદ જહાંને રજુઆત કરવાની સાથે જીદ પકડતા ફરિયાદનો મામલો ગૂંચવાયા પછી આખરે અનુ.જાતિના અગ્રણીઓ અને વરરાજાના પિતા ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડએ પોલીસતંત્રના અધિકારીઓની સમજાવટ પછી જીદ છોડી આખરે ૪૫ લોકોના નામજોગ અને ભજન-કીર્તન કરતી ૧૬ મહિલાઓ સહીત ૧૫૦ થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાઈ હતી.

મોડાસા રૂરલ પોલીસે ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડની ફરિયાદના આધારે ભજન-કીર્તન મંડળીમાં જોડાયેલી ૧૫ મહિલાઓ અને પથ્થરમારો કરનાર ૩૦ લોકોના નામજોગ સહીત અન્ય ૧૫૦ લોકોના ટોળા સામે ઈપીકો કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૪૧, ૩૦૭, ૩૩૭, ૫૦૪, ૪૨૭, ૫૦૬(૨), ૩૨૩ તથા એટ્રોસિટી એક્ટ કલમ મુજબ ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### ભગવાન બુધ્ધના ગુજરાતની ધરતી સાથેના સભારણાંને જોડતી

# આતરરાષ્ટ્રીય સ્પિરીચ્યુયલ પર્યટન સરકીટ આકાર પામી રહી છે

ગુજરાતનાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક ભવ્ય વારસામાં ભગવાન બુધ્ધના જીવન સાથે સંકળાયેલ અનેક ઘટનાઓ અને સ્થળોનો ઘણો મોટો ફાળો રહ્યો છે. ગુજરાતમાં એવા અનેક સ્થળો છે જ્યાં ભગવાન બુધ્ધ વિહાર કરી ગયા હોય. બુધ્ધ ધર્મના અનુયાયીઓ જ્યારે સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે આરાધ્ય એવા ભગવાન બુધ્ધના જીવન સાથે જોડાયેલા ગુજરાતમાના તેર જેટલા સ્થળોને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પર્યટનસ્થળ તરીકે એકરૂપતા સાથે વિકસાવી બુધ્ધિસ્ટ પ્રવાસન સરકીટ બનાવવામાં આવી રહી છે. સ્થળોએ માર્ગો, પાણી, વીજળી, કમ્પાઉન્ડ વોલ, દરવાજાઓ, વાહન પાર્કીંગ, ફ્લોરીગ વગેરેના કામો પ્રગતિમાં છે.

આતરરાષ્ટ્રીય બુધ્ધિસ્ટ સરકીટ વિકસાવવા માટે ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટ ફેડરેશન સાથે કરાર કરવામાં આવ્યા છે. દેવની મોરીને મહત્વના ગ્લોબલ બુધ્ધિસ્ટ સ્પીરીચ્યુયલ સ્થળ રૂપે વિકસાવી કુલ ૧૩ જેટલા સ્થળોનો વર્લ્ડ-ક્લાસ પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવાનું આયોજન છે. દેશ-વિદેશમાં આવેલા બુધ્ધિસ્ટ સ્થળો સાથે જોડવામાં આવશે. પ્રવાસન સ્થળો તરીકે વિકાસ કરવા સાથે સ્થાનિક વિસ્તારમાં કાયમી સમાન વિકાસ કરવાનું લક્ષ છે. બધા સ્થળોમાં દેવની મોરી એ મેશ્વો નદી ઉપર આવેલી વિશાળ બૌઢ સ્તૂપ, ચેત્ય, વિહાર ધરાવતું મહતનું સ્થળ છે. સંશોધન આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અમે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે યોજાયું હતું.

પ્રારંભિક ધોરણે ગુજરાત સ્થિત ૧૨ બુદ્ધિસ્ટ સર્કિટને વિકાસ માટે પસંદ કરવામાં આવી છે. આ બુદ્ધિસ્ટ સર્કિટો પર અત્યાધુનિક, દરેક પ્રવાસીઓને અનુકુળ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા જે સ્થળોને સરકીટ હેઠળ આવરી લેવાનું આયોજન છે એમાં જુનાગઢના ઉપરકોટ, બાબા પ્યારેની ગુફાઓ, ખાપરા કોડિયાના માહેલ, અશોકના સ્તંભ માર્ગ, ગીર સોમનાથની સાના ગુફાઓ, પ્રભાસ પાટણ બુદ્ધિસ્ટ ગુફાઓ, ભરૂચનો કડિયા ડુંગર, કચ્છની સિયોત ગુફાઓ, ભાવનગરની તળાજા બુદ્ધિસ્ટ ગુફાઓ, રાજકોટની ખંભાલિડા ગુફાઓ, વડનગરની બુદ્ધિસ્ટ ગુફાઓ, મહેસાણાના તારંગા હિલ ઉપરની બુધ્ધિષ્ટ ગુફાઓ અને મેશ્વો નદીના કિનારે વિકસેલ પ્રાચીન દેવની મોરી મળીને કુલ તેર સ્થળોનો સમાવેશ સ્થળોનો સમાવેશ થાય છે.

આ બુદ્ધિસ્ટ સ્થળો ઉપર અપ્રોચ રોડ, સ્ટ્રીટ લાઈટ, ટુરિસ્ટ કીઓસ્ક, સાઈનેજિસ, પ્રવાસીઓની સુરક્ષા માટે સિક્યુરિટી કેબિન, સીસીટીવી કેમેરા, પ્રવાસીઓને બેસવા માટેના બાંકડા, પીવાના પાણીની સુવિધા, અન્ય પ્રવાસી સુવિધાઓ સાથે મુખ્ય બિલ્ડીંગ કોમ્પ્લેક્સ, ઈંટરપ્રિટેશન સેન્ટર, કેફેટેરિયા, રિફરેશમેંટની સુવિધા તેમજ સોવિનિયર શોપ, કાર પાર્કિંગની સુવિધા, વોચ-ટાવર, એકઝીબિશન અને ઓરિએનશનલ સેન્ટર, રેસ્ટિંગ એરિયા જેવી ઉચ્ચ સુવિધાઓ દ્વારા પ્રવાસીઓને આકર્ષવામાં આવશે.

### બનાસ ડેરી અને એચસીએલનું ઐતિહાસિક જોડાણ

# ૧૭૫ ઓટોમેટિક મિલ્ક કલેક્શન યુનિટ બનાસ ડેરીને નિ:શુલ્ક સોંપ્યા

ઉત્તર પ્રદેશ ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં બનાસ ડેરી અને એચસીએલ ઐતિહાસિક જોડાણ થયું છે. ઉત્તર




પ્રદેશમાં એચસીએલ ''સમુદાય'' એ સ્થાપેલા ૧૭૫ ઓટોમેટિક મિલ્ક કલેકશન યુનિટ હવે બનાસડેરીને સોંપી દેવાના કરાર બન્ને પક્ષો વચ્ચે થયા છે. કરાર અન્વયે એચસીએલ દ્વારા ઉભા કરાયેલ ગ્રામીણ માળખાકીય આધુનિક સુવિધાઓથી સુસજ્જ ૧૭૫ મિલ્ક કલેકશન યુનિટ જેમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, કેન, વજનકાંટા, ફેટ અને એસ.એન.એફ. ટેસ્ટીંગ મશીનો, સોલાર લાઈટ, બેટરી, ઈનવરટર તેમજ વેટનરી સર્વિસ સાથે જોડાયેલા ડોક્ટરો, એ.આઈ. કર્મચારીઓ હવે બનાસડેરીની મદદ કરશે અને તેમનો પગાર પણ એચસીએલ ચુકવશે જેમાં બનાસ ડેરીને એક પણ રૂપિયાનો ચાર્જ આપવાનો નહિ રહે. આ બાબતે ડેરીના ઈ. એમ.ડી. કામરાજભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે એચસીએલ કંપનીનું બનાસ ડેરી સાથેનું આ પ્રકારનું જોડાણ પ્રત્યેક બનાસવાસીઓ માટે ગૌરવની વાત છે અને કરોડોના ખર્ચે તૈયાર થયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાસ ડેરીને ફ્રી ઓફ મળતાં આપણી ડેરીને ફાયદો થયો છે.

# ગુજરાત કોલેજ અમદાવાદ રાજ્યનું આદર્શ મતગણતરી કેન્દ્ર

અમદાવાદ, તા. ૧૭

આગામી ૨૩મી મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની મતગણતરી યોજાવા જઇ રહી છે ત્યારે રાજ્યનાં મુખ્ય નિર્વાચન જેઓને ચૂંટણી પંચની માર્ગદર્શિકા પ્રમાણે ઈ.વી.એમ., વી.વી.પેટ અને બેલેટ પેપરની ગણતરી સંબંધિત બાબતોની તાલીમ સાથે જાણકારી આપવામાં હતી. જરુરી સુચનાઓ સાથેના સાઈન બોર્ડ, સુવીધાઓ, પારદર્શીતા સાથે ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસારની તમામ વ્યવસ્થા ગુજરાત કોલેજ ખાતે કરવામાં આવી છે.




અધિકારી ડો. એસ. મુરલી કૃષ્ણાએ ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર અમદાવાદ ગુજરાત કોલેજ ખાતે ઉભુ કરાયેલ રાજ્યના આદર્શ મત ગણતરી કેન્દ્રની મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિક્રાંત પાંડે પાસેથી માહિતી મેળવી હતી. સાથોસાથ મતગણતરી સાથે સંકળાયેલ રાજ્યના તમામ રિર્ટનિંગ અધિકારીઓની એક દિવસીય તાલીમ શિબિરમાં માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ તાલિમ શિબીરમાં તમામ જિલ્લાનાં રિર્ટનિંગ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારી ડો. એસ. મુરલી કૃષ્ણાએ જણાવ્યું હતું કે આ આદર્શ મતગણતરી કેન્દ્રની રાજ્યના તમામ રિર્ટનિંગ ઑફિસર સહિતના અધિકારીઓ મુલાકાત લેશે અને પોતાના જીલ્લાઓના મતગણતરી કેન્દ્રો પર સમાન પ્રકારની વ્યવસ્થાઓ જળવાય તેવું આયોજન કરશે. આગામી ૨૩મી મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની મતગણતરી યોજાવા જઈ રહી છે ત્યારે મતગણતરી કેન્દ્રની સજ્જતા અગત્યનું પાસું છે ત્યારે આ મતગણતરી કેન્દ્ર ખાતે કાયદો અને વ્યવસ્થા, સી.સી.ટી.વી. કેમેરા, વ્યવસ્થાઓ રાજ્યના જીલ્લાઓના મતગણતરી કેન્દ્રો પર કરવામાં આવશે. ગુજરાત કોલેજ ખાતે અમદાવાદ પશ્ચિમ બેઠક તથા એલ. ડી. એન્જિ.કોલેજ ખાતે અમદાવાદ પૂર્વની મતગણતરી યોજાશે.

આ પ્રસંગે અધિક નિર્વાચન અધિકારી અશોક માણેક, સુશ્રી પી. ભારતી, એસ. એમ. પટેલ તથા સંયુક્ત નિર્વાચન અધિકારી જયદીપ દ્વિવેદી અને જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. વિક્રાંત પાંડે, અમદાવાદ પુર્વના રિર્ટનિંગ અધિકારી એમ. મહેશ બાબુ સહિત તમામ જિલ્લાનાં રિર્ટનિંગ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'ફીર સે ગર્જેગા ગુજરાત'ની ગર્જના સાથે જાયન્ટસનું ફરી આગમન

અમદાવાદ, તા. ૧૭

દેશ જેની પ્રેમપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યું છે તે જૂની રમત કબ્બડીની ગેમ ફરીથી રજૂ કરવા માટે અદાણી વિલ્મરની માલિકીની ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ (જીએફજી) આખરે ખેલાડીઓની યાદીને આખરી ઓપ આપીને મેદાનમાં આવી છે.

વીવો પ્રો-કબ્બડી લીગની નવી સિઝન જુલાઈથી ઓક્ટોબર સુધી ચાલશે. એમાં ભારતના વિવિધ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતી ૧૨ ટીમમાં મજબૂત અને ચંચળ ખેલાડીઓ રજૂ કરાયા છે, પરંતુ રાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓનો સંપૂર્ણ સમન્વય કરીને જીએફજી આ રમતને યાદગાર બનાવવા મેદાનમાં ઉતરી છે.

કોચ મનપ્રીત સિંઘ જણાવે છે કે ''ફાયનલ સ્પર્ધાઓમાં બહાર નિકળી ગયા પછી અમે મજબૂત થઈને પુનરાગમન કરવા તૈયાર છે. રાઈટ કવર ડિફેન્ડર સુનિલકુમારને હજુ ટીમના કેપ્ટન તરીકે રાખવામાં આવ્યા છે. આમ છતાં અમે ઈરાનના ખેલાડી અબોલફઝલ મઘસોડલુમહાલી અને બાંગ્લાદેશના ખેલાડી મોહંમદ સાઝીદ હુસેનનો ઉમેરો કરીને તેમને આવકારી રહયા છીએ.''

આ નિવેદનમાં ઉમેરો કરતાં નીલ ગુલિયાએ જે ખેલાડીઓ જાળવી રખાયા છે તેની માહિતી આપતાં જણાવ્યું હતું કે ''ક્વોલિફાયર્સમાં યુપી યોધ્ધાના ૩૧ પોઈન્ટ સામે ૩૮ પોઈન્ટનો સ્કોર કરનાર ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસે એક સીમાચિહન સ્થાપ્યું હતું અને તે બેંગ્લૂરૂ બુલ્સ સાથે સ્પર્ધા સાથે ૩૩ પોઈન્ટસ સાથે બીજા ક્રમે આવ્યું હતું. આથી અમને એ પ્રકારે ટીમ તૈયાર કરવાનું જરૂરી જણાયું હતું કે પરિચિત હોય તેવા ખેલાડીઓનો રમતમાં સમાવેશ કરવો.

## જીવ બચાવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બચાવ કામગીરી કરી માનવતાનુ ઉદાહરણ પુરુ પાડે છે.જયારે ગાંધીનગર ફાયરની ટીમ પણ ખાડામાં પડતી ગાય હોય કે વૃક્ષમાં ફસાયેલુ પક્ષી અનોખી જીવદયા સાથે સ્થળ પર પહોંચી અબોલ પશુ પક્ષીઓના જીવ બચાવાની ઉમદા ફરજ અદા કરે છે. આજે પણ કોલવડા સોનીપુર માર્ગ પર સ્થિત એક ૯૦ ફુટ ઉંડા અવાવરૂ કુવામાં એક મોર પડી જતા ફાયર ટીમને આ અંગે જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર મહેશ મોડના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમે બચાવ કામગીરી હાથ ધરીને મોરને કુવામાંથી સલામત રીતે બહાર કાઢયો હતો. જયારે કુવામાં પડવાના લીધે તેના પગ પર ઈજાઓ થઈ હોવાનુ પણ ધ્યાને આવ્ય હતુ. ફાયર બ્રિગેડે આ ઈજાગ્રસ્ત મોરને વન તંત્રના વનચેતના કેન્દ્ર પર સોંપી દીધો હતો.

## ટેન્કર રાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાંવ્યુ હતુ કે સે-૨૪ માં પાણીનો પ્રશ્ન આજે પણ જટીલ છે. અધિકારીઓ સાથે મુલાકાતે આવેલા સ્થાનિક નેતાઓના વચનો પણ ઠાલા પુરવાર થયા છે. છેલ્લા ચાર દિવસથી ટેન્કર મારફતે પાણીનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. બોરનુ સમારકામ હજુ સુધી થયુ નથી .જયારે સેકટરવાસીઓને આકરી ગરમીમાં હાલાકી વેઠવી પડે છે. આમછતા મેયર સહીત કાર્પોરેશનના અન્ય પદાધિકારીઓ ડોકાયા પણ નથી.

## ૩૦ ઈંચ વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરિયાઈ પવન પણ વધે. ચોમાસુ વરસાદ ગુજરાતમાં ક્યારે થશે તે અંગે કોરમણીના વાદળો આવ્યા પછી ખ્યાલ આવે. આ અરસામાં સવારના વાદળો આવવાની શક્યતા રહે. કોરમણીના વાદળો પણ આવે, વરસાદ અંગે જોઈએ તો મંગળ કર્ક રાશીમાં આવતા તા. ૨૨, ૨૩, ૨૪ જૂનમાં દક્ષિણ મહારાષ્ટ્રના ભાગો તેમજ દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ વગેરે ભાગોમાં વરસાદની શક્યતા રહે. ઉપરાંત ગુજરાતના અન્ય ભાગોમાં પણ વરસાદ થાય. જો રોહિણી નક્ષત્ર ઉતરતાં એટલે કે જૂન તા. ૩ પછી વરસાદ થશે તો નિયમિત વરસાદની શક્યતા રહે. મોર્નીંગ ક્લાઉડ સવારના વાદળો આવ્યા પછી ધીરે ધીરે ભેજ વધે તે પછી નિયમિત ચોમાસાનો ખ્યાલ આવે. મુંબઈમાં ચોમાસુ ૧૫ મે પછી સક્રિય થતુ ૨૦મી મે સુધીમાં દક્ષિણ-મહારાટ્ર અને મુંબઈમાં વરસાદ આવવાની શક્યતા રહે.

રાજ્યના વાયવ્ય છેડે કેટલાક ભાગોમાં ઓછો વરસાદ થાય. પૂર્વ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ઓછો વરસાદ થવાની શક્યતા રહે. ગુજરાતમાં જૂનથી સપ્ટેમ્બર દરમ્યાન સરેરાશ ૫૦૦ થી ૮૦૦ મી.મી. વરસાદની શક્યતા રહે. જુલાઈથી સપ્ટેમ્બરમાં સારો તેમજ ભારેથી અતિભારે વરસાદની શક્યતા રહે. શિયાળાના વિપરીત સંજોગો હોતા પશ્ચિમી વિક્ષેપ વારંવાર આવ્યાથી જેની થોડી વીપરીત અસર પણ ચોમાસા પર પડી શકે. આ સંજોગો તેમજ વર્ષાગર્ભ વાયુચક્ર તેમજ ભૌગોલિક બાબતોને ધ્યાનમાં રાખી અંદાજીત વરસાદ નીચે મુજબ રહે.

ગાંધીનગર ૩૦ ઈંચ, બનાસકાંઠા ૪૦ ઈંચ, કચ્છ ૧૦ થી ૨૦ ઈંચ, મહેસાણા ૨૦ થી ૩૮ ઈંચ, પાટણ ૨૪ થી ૩૦ ઈંચ, અમદાવાદ ૩૫ ઈંચ, આણંદ ૪૮ ઈંચ, દાહોદ ૫૦ ઈંચ, ખેડા ૪૮ ઈંચ, પંચમહાલ ૫૨ ઈંચ, વડોદરા ૫૫ ઈંચ, ભરૂચ ૬૦ ઈંચ, ડાંગ ૯૫ ઈંચ, નર્મદા ૭૦ ઈંચ, નવસારી ૮૦ ઈંચ, સુરત ૭૫ ઈંચ, વલસાડ ૧૦૦ ઈંચ.

સૌરાષ્ટ્રના ભાગો -અમરેલી ૪૮ ઈંચ, ભાવનગર ૪૫ ઈંચ, જામનગર ૨૮ ઈંચ, પોરબંદર ૨૮ ઈંચ, જૂનાગઢ ૪૮ ઈંચ, રાજકોટ ૪૬ ઈંચ, સુરેન્દ્રનગર ૩૬ ઈંચ વરસાદની સંભાવના છે.

અંગારક યોગના લીધે વરસાદની વહેંચણી અસામાન રહે. કોઈ ભાગમાં ભારે તો કોઈ ભાગમાં ઓછો વરસાદ થવાની સંભાવના રહે. વધુ ગણતરી બદલાતા પર્યાવરણના લીધે ગુંચવણભરી રહી શકે કારણ કે હજુ પણ ભેજગ્રાહી વાતાવરણ શ્રીલંકામાંથી ઉઠતુ ચોમાસુ, કેરળથી આગળ વધતુ ચોમાસુ, બંગાળના ઉપસાગરનું વહન, હિંદ મહાસાગરની સ્થિતિ વગેરે આધારીત રહે. લગભગ ૫ મી જૂન આસપાસ અરબી સમુદ્રમાં હવાનું દબાણ બનવાની શક્યતા રહે કે ચક્રવાતી બળમાં રૂપાંતર થાય અને ઓમાન તરફ ફંટાઈ જાય તો ચોમાસાની ગતિવિધી પર તેની અસર પડે. આ અરસામાં જો વેપાર વાયુનુ જોર વધે નહિ તો ગુજરાતના દરીયાકિનારે ચોમાસાની શરૂઆતમાં ભારે વરસાદ પણ થઈ શકે. જૂન માસમાં ૧૨ જૂન આસપાસ પણ હવાના દબાણ ઉભા થતા હોય છે. તા. ૧૭ જૂને આવતી દરિયાની ભરતી પણ ચોમાસાના યોગ માટે જોવી જરૂરી છે. કારણ કે આ ભરતી દેશના પશ્ચિમ દરીયાકાંઠે, દક્ષિણ મહારાટ્ર વગેરે ભાગોમાં અસરકર્તા રહેતી હોય છે.

## વોક-વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલી રહી છે. શહેરના મુખ્ય ચ માર્ગ પર પ્રાથમિક તબક્કે આ કામગીરી હાથ ધરાય તેવી પણ શક્યતા છે .જો કે હજુ આ મામલે પ્લાનીંગ તેમજ ખર્ચનો અંદાજ તૈયાર કરાયા બાદ આગળ ઉચ્ચ કક્ષાએ બેઠકના અંતે પ્રોજેકટ આખરી થાય તેવી સંભાવના છે. આ પ્રકારના બ્યુટિફીકેશનના અંતે શહેરના માર્ગોની રોનક પણ નિખરી ઉઠશે. જયારે શહેરીજનોને પણ હરિયાળા વૃક્ષો વચ્ચે બ્યુટીફિકેશન વચ્ચે વોક વે તેમજ સાઈકલટ્રેકની મજા લેવાનો આનંદ મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે. પ્રાથમિક તબક્કે ચ માર્ગ પર આ યોજના અન્વયે કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ સંભાવના છે. જયારે તબક્કાવાર ઘ માર્ગ પર પણ આ મુજબનુ આયોજન કરવામાં આવે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## ૩૦૦થી વધુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ વિશ્વાસ સાથે કહ્યું હતું કે, તેમની સરકાર બહુમતિ સાથે ફરીવાર આવનાર છે. આ પ્રકારની બાબત પણ દેશમાં પ્રથમ વખત બનવા જઈ રહી છે જ્યારે એક સરકાર ફરીવાર બહુમતિ સાથે પરત આવી રહી છે. મોદીએ કહ્યું હું કે, લોકશાહી વ્યવસ્થામાં વિશ્વમાં લોકો ભારતની નોંધ લઈ રહ્યા છે. અમારી લોકશાહી વ્યવસ્થામાં અનેક વિવિધતા રહેલી છે. પત્રકારો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે, તેઓ કોઈપણ પ્રકારના પ્રશ્નો લેશે નહીં કારણ કે, પાર્ટી પ્રમુખ અમિત શાહ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. અમિત શાહ દ્વારા જ તમામ પ્રશ્નોના જવાબ આપવામાં આવશે. ભાજપની વ્યવસ્થામાં રહેલી શિસ્તને તેઓ પોતે પણ પાળશે. અમિત શાહે ચૂંટણી પ્રચાર અને અન્ય તમામ પ્રકારની બાબતો અંગે જવાબ આપ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટે ભારત સક્ષમ છે. બીજી બાજુ ભાજપ વડાએ ચૂંટણી પ્રચારના સંદર્ભમાં પૂરતી માહિતી આપી હતી. સાથે સાથે એનડીએ સરકારના દેખાવ અંગે પણ માહિતી આપી હતી.

## ખાસ બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિતેલા વર્ષોમાં આ રણનિતીના કારણે કોંગ્રેસને મણિપુર અને ગોવામાં સરકાર રચવાથી વંચિત રહેવાન ફરજ પડી છે. સાથે સાથે ભારતીય જનતા પાર્ટીને મોટો ફાયદો થયો હતો. બેઠક મારફતે યુપીએના ઘટક પક્ષો ઉપરાંત બહારના લોકોનો પણ ગઠબંધનમાં સામેલ કરવાના પ્રયાસ કરવામાં આવશે. સુત્રોના કહેવા મુજબ સોનિયા ગાંધી છેલ્લા ૧૫ દિવસથી ચૂંટણી પરિણામોના ગણિતના હિસાબ કરવામાં લાગેલા છે. એટલું જ નહીં તેઓ સતત તમામ મોટા પક્ષોના નેતાઓ સાથે સંપર્કમાં છે. સોનિયા ગાંધી તરફથી તમામ બિનએનડીએ પક્ષોને પત્ર લખીને બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ આપ્યું છે. અલબત્ત પહેલા ૨૧મી મેના દિવસે આ બેઠકને લઈને ચર્ચા ચાલી રહી હતી. મમતા બેનર્જી, માયાવતી અને અખિલેશ યાદવ જેવા નેતાઓના વિકલ્પો ઉપર બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. બિન કોંગ્રેસી વડાપ્રધાન પદને લઈને ભારે હોબાળો થઈ ચુક્યો છે. કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાદે આ સંદર્ભમાં વાત કર્યા બાદ હવે એકાએક ગુલાટ મારી દીધી છે અને કહ્યું છે કે, ૨૩મી તારીખ સુધી રાહ જોવાની જરૂર પડશે. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો વાતચીતમાં લાગેલા છે.

## ખાલી જગ્યાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફલોપ રહી છે. નવી રોજગારીની તક ઉભી કરવામાં આવી રહી નથી. સાથે સાથે સરકારી વિભાગોમાં રહેલી ખાલી જગ્યાએ ટુંક સમયમાં જ ભરવામાં આવનાર છે. વડાપ્રધાન કચેરીના નિર્દેશ બાદ મંત્રાલય અને વિભાગોમાં આંતરિક પરિપત્ર જારી કરવામાં આવી ચુક્યા છે. જેમાં ખાલી રહેલી જગ્યાઓ અને અન્ય જગ્યાઓના સંબંધમાં માહિતી માંગવામાં આવી છે. નાણાં મંત્રાલયને સુચના આપવામાં આવી છે કે ટુંક સમયમાં જ આ સંબંધમાં પીએમઓ દ્વારા એક બેઠક રાખવામાં આવશે. જેમાં જુદા જુદા સ્તર પર રહેલી ખાલી જગ્યાઓને લઈને વાતચીત કરવામાં આવનાર છે.

કુટ્ટીએ કહ્યું હતું કે, જુદા જુદા વિભાગોમાં ૪૦થી ૫૦ ટકા જગ્યા ખાલી છે. ઈન્કમટેક્સ વિભાગમાં ૫૦ ટકા અને જીએજીમાં ૪૫ ટકા જગ્યા ખાલી રહેલી છે. તમામ જગ્યા સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલી છે પરંતુ આના પર ભરતી કરવામાં આવી રહી નથી. હવે ખાલી જગ્યાઓની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. સમયસર રિપોર્ટ આપવામાં આવ્યા બાદ પગલા લેવામાં આવશે. ઓલ ઈન્ડિયા ડિફેન્સ એમ્પ્લોઈઝ ફેડરેશનના જનરલ સેક્રેટરી સી કુમારે કહ્યું છે કે, આટલા વર્ષોમાં કેટલાક પગલા લેવાયા છે.